રાત્રિ પડતાં જ પંથકમાં ફફડાટ ! દીપડાની લટારથી ગ્રામજનોની ઊંઘ હરામ

તીઘરા, ઈટાળવા- દીગસમાં દીપડાના મુક્ત વિહારથી ભય

વન વિભાગને જાણ કરવા છતાં પૂરતી તપાસ કે પેટ્રોલિંગ ન થવાનો આક્ષેપ

નવસારી : નવસારી નજીક તીઘરા, ઈટાળવા અને દીગસ ગામના સીમાડા વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી દીપડાની અવરજવર જોવા મળતા ચિંતાનું વાતાવરણ ઊભું થયું છે. દિવસ દરમિયાન સામાન્ય લાગતો વિસ્તાર રાત્રિ પડતાં જ જાણે દીપડાના ભય હેઠળ આવી જાય છે. ઈટાળવા તરફ જતા માર્ગે તળાવ નજીક આવેલી સોસાયટીના પાછળના ભાગે દીપડો દેખાતો હોવાની માહિતી સ્થાનિકોએ આપી છે.

જાગૃત નાગરિકે દીપડાની હિલચાલ કેમેરામાં કેદ કરી છે. જોકે, આ દૃશ્યોની સત્તાવાર પુષ્ટિ થયાની માહિતી હાલ ઉપલબ્ધ નથી. સ્થાનિક રહીશ યોગેશભાઈના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં દીપડી પોતાના બચ્ચાં સાથે હોવાની શક્યતા છે.

દીપડાની હાજરી અંગે ચિંતા વધારતો વધુ એક મુદ્દો પાળેલાં કૂતરાંઓના ગાયબ થવાના બનાવો છે. યોગેશભાઈના જણાવ્યા પ્રમાણે, તેમના ઘરના પાછળના ભાગેથી એક કૂતરાને દીપડો ઉઠાવી ગયો હતો. અન્ય સ્થાનિકોએ પણ વિસ્તારમાં કૂતરાંઓને દીપડાએ શિકાર બનાવ્યા હોવાના દાવા કર્યા છે.

દીપડાની અવરજવર અંગે વન વિભાગને જાણ કરવામાં આવી છતાં વન વિભાગની ટીમ દ્વારા પૂરતી તપાસ અથવા સતત પેટ્રોલિંગ કરવામાં આવતું ન હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉ બે પાંજરાં મૂકાયા હતાં. બાદમાં વિરાવળમાં પણ દીપડો દેખાતા એક પાંજરું ત્યાં ખસેડવામાં આવ્યું છે. દીપડાને પાંજરા સુધી આકર્ષવા માટે વધુ યોગ્ય મારણની વ્યવસ્થા કરવાની માંગ પણ ઉઠી છે.

દીપડાનો વૃદ્ધ પર હુમલો અને પશુઓનું મારણ

ચીખલીના પીપલગભણ અને સારવણી ગામે દીપડાના આતંકથી દહેશત

ઘેજ : ચીખલી તાલુકાના પીપલગભણ ગામે રાત્રે ત્રણ વાછરડી અને સારવણી ગામે વૃદ્ધ ઉપર હુમલો કરતા દહેશતનો માહોલ છવાઈ જવા પામ્યો હતો. ચીખલી તાલુકામાં દિવસે દિવસે શિકારની શોધમાં દીપડાઓ રહેણાંક વિસ્તાર સુધી આવી પહોંચતા હોય છે. ત્યારે ખેડૂતોના માથે મોટું સંકટ તોળાતું હોય છે.પશુપાલકો પશુઓને કોઢારામાં કે ઘરની પાછળ ખુલ્લી જગ્યામાં બાંધતા હોય છે. ત્યારે રાત્રે દીપડાનો શિકાર બને છે. ચીખલી તાલુકાના પીપલગભણ ગામે રાત્રે સુરેખાબેન પટેલ તથા સુનિલ પટેલને ત્યાં ઘરની પાછળ બાંધેલી ત્રણ વાછરડીને દીપડાએ ફાડી ખાતા ભયનો માહોલ જોવા મળ્યો હતો. જ્યારે બીજા બનવામાં ચીખલી તાલુકાના સારવણી ગામના કણબીવાડ ખાતે રહેતા નટુભાઇ ગાંડાભાઇ પટેલ બુધવારની સવારના નવેક વાગ્યાના સુમારે ખેતરમાં સાફ સફાઇ કરવા જતાં ખેતરમાં સંતાઈ રહેલા દીપડાએ અચાનક હુમલો કરતા નટુભાઇ પટેલને માથાના ભાગે, થભાના ભાગે નખ મારતા સારવાર લેવાની ફરજ પડી હતી. ઉપરોક્ત બનાવ અંગેની જાણ વન વિભાગને કરાતા પાંજરું ગોઠવવામાં આવ્યું હતું.

ગણેશજી માં આપણો ઉત્સવ આપણા અખબારમાં

ગુજરાતમિત્ર

ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ધામધુમા ગામના વતની અને ધરમપુર તાલુકાની કોસીમપાડા પ્રાથમિક શાળામાં ચિત્ર શિક્ષક તરીકે ફરજ બજાવતા મનોજકુમારે પોતાના પ્રિય અખબાર 'ગુજરાતમિત્ર'માં પોતાની કલા વડે 'ગુજરાતમિત્ર'ના શબ્દો ગણેશજીની પ્રતિમામાં કલાત્મક રીતે કંડાર્યા છે

પારડી પારનદી કિનારે દોઢ દિવસના 110 શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન

અમૃત પટેલ

પારડી : પારડી પાર નદીના કિનારે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા-અર્ચના અને આરતી બાદ શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે સુરક્ષા અને સેવા માટે વર્ષોથી તૈનાત 'ચંદ્રપુર માંગેલા લાઇફ સેવર ટ્રસ્ટ' ના સભ્યોએ નિષ્ઠાપૂર્વક સેવા આપી હતી. આ પ્રસંગે પારડીના એડવોકેટ નિલેશ ભંડારીએ જણાવ્યું કે, ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે પારડી નગરમાં દોઢ દિવસના ગણપતિનું વિસર્જન ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે કરવામાં આવ્યું છે. જીગ્નેશ માંગેલાએ જણાવ્યું કે પાર નદી ખાતે પ્રથમ દિવસે ૧૧૦ જેટલી ગણપતિની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યુ હતુ. સુરક્ષા અને સલામતીના ભાગરૂપે લાઇફ સેવર ટ્રસ્ટના સભ્યો જ નદીમાં જાય છે, ઊંડા પાણીમાં કોઈ દુર્ઘટના ન સર્જાય અને વિસર્જન સુરક્ષિત રીતે સંપન્ન થાય તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ગણપતિ બાપ્પા મોરિયા-આવતા વર્ષે લવકારીયાના નાદ સાથે ભક્તોએ બાપ્પાને વિદાય આપી હતી.

વલસાડમાં નાની ગણપતિની પ્રતિમાઓનું ઔરંગામાં વિસર્જન

વલસાડ : વલસાડમાં નાના ગણપતિની દોઢ અને બે દિવસની સ્થાપના કરવામાં આવી હતી. આ અવધિ પૂર્ણ થયા બાદ આજરોજ ભક્તજનો દ્વારા ભારે ઉત્સાહ અને ભક્તિભાવ સાથે વલસાડના ઔરંગા નદી કિનારે ગણપતિની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. બાપ્પાને વિદાય આપતી વેળાએ શ્રદ્ધાળુઓ દ્વારા 'ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તું જલ્દી આના' ના નારા લગાવવામાં આવ્યા હતા. આ પવિત્ર પ્રસંગે સમગ્ર નદી કિનારે ધાર્મિક અને દિવ્ય માહોલ જોવા મળ્યો હતો.

નવસારીમાં 1.68 કરોડના ફ્રોડ કેસનો આરોપી વડોદરાથી ઝડપાયો

6 કરોડના શંકાસ્પદ વ્યવહારો અને દેશભરમાં 49 ફરિયાદો નોંધાઈ

નવસારી : નવસારીના રૂપિયા 1.68 કરોડના ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ કેસમાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી કમલેશ હિરાલાલ ખટીક (ઉ.વ. ૩૬, રહે. વડોદરા, મૂળ રાજસ્થાન)ને નવસારી સાયબર ક્રાઇમ પોલીસે વડોદરાથી ઝડપી પાડ્યો છે. રિક્ષા ચલાવવાની આડમાં આરોપી સાયબર ઠગોને બેંક ખાતાં પૂરાં પાડતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

પોલીસ તપાસ મુજબ, કમલેશે પોતાના નામે બોગસ પેઢી ઊભી કરી વિવિધ બેંક ખાતાં ખોલાવ્યાં હતાં અને કમિશનના બદલામાં આ ખાતાં સાયબર ફ્રોડ કરનારાઓને ઉપયોગ માટે આપતો હતો. આ ખાતાઓમાં ફ્રોડની રકમ જમા થયા બાદ આગળ ટ્રાન્સફર થતી હતી. તપાસ દરમિયાન આરોપી સાથે જોડાયેલા ખાતાઓમાં આશરે રૂપિયા 6 કરોડના સાયબર ટ્રાન્ઝેક્શન થયાનું તેમજ દેશભરમાં આ ખાતાઓ સામે આશરે 49 જેટલી ફરિયાદો નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું છે.

સુરત રેન્જ આઈજીપી પ્રેમ વીર સિંહ તથા નવસારી એસપી રાહુલ પટેલના માર્ગદર્શન હેઠળ પીઆઈ યુ.એલ. મોદી અને તેમની ટીમે ડિજિટલ ફૂટપ્રિન્ટ અને ટેકનિકલ એનાલિસિસના આધારે લોકેશન મેળવી વડોદરાથી આરોપીને દબોચી લીધો હતો. પોલીસ હવે મની ટ્રેઈલ અને અન્ય સંકળાયેલા શખ્સોની તપાસ કરી રહી છે. સાયબર ક્રાઇમ પોલીસે નાગરિકોને કમિશનની લાલચમાં પોતાના બેંક ખાતાં અન્યને ન આપવા અપીલ કરી છે.

નવસારીમાં ૧૨ ફૂટથી ઊંચી ગણેશ પ્રતિમાઓ પર તંત્રની તવાઈ

અત્યાર સુધીમાં ૨૦થી વધુ જાહેરનામા ભંગના ગુના, ૧૫, ૧૮ અને ૧૮ ફૂટની પ્રતિમાઓ મળી

નવસારીઃ ગણેશોત્સવ દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી ૧૨ ફૂટથી વધુ ઊંચાઈની ગણેશ પ્રતિમાઓ સ્થાપિત કરનારા ત્રણ મંડળોના આયોજકો તથા મૂર્તિકારો સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં ૨૦થી વધુ જાહેરનામા ભંગના કેસ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે.

નવસારી મામલતદાર રીતેશ કોકણી અને સર્કલ ઓફિસર જીતેશ ચૌધરીએ ચેકિંગ દરમિયાન સિંધી કેમ્પ-પ્રીતમનગર સામે 'સરકાર યુવક મંડળ' ખાતે ૧૫ ફૂટની પ્રતિમા મળી આવતા આયોજક કમલેશ શંકરભાઈ રાઠોડ તથા મૂર્તિકાર આનંદ દાસ સામે ફરિયાદ થઈ હતી. દશેરા ટેકરી રેલ રાહત કોલોની સામે 'આમલીચા વિઘ્નહર્તા યુવક મંડળ' દ્વારા ૧૮ ફૂટની પ્રતિમા સ્થાપિત કરાતા આયોજક ચિરાગ હરીશભાઈ પટેલ તથા મૂર્તિકાર સંજય કિશનભાઈ પટેલ સામે કાર્યવાહી કરાઈ હતી.

આ જ વિસ્તારમાં 'નવસારી ચા વિઘ્નહર્તા યુવક મંડળ'ની ૧૮ ફૂટથી વધુ ઊંચી પ્રતિમા મળી આવતા આયોજક પરેશ હરીશભાઈ રાઠોડ તથા મૂર્તિકાર સુરેશ પ્રભુભાઈ બોરડીયા સામે પણ ગુનો નોંધાયો હતો.

SELFIE WITH GANESHA

ગુજરાતમિત્ર

તમે અમને સેલ્ફી મોકલી શકો છો

gujaratmitra

ડિમ્પલ મહ્યાવંશી, સરદાર વિલ્લા, બારડોલી

રોહન અને ધનુષ માસ્તર, એકતા યુવકમંડળ, સ્ટેશન રોડ, બીલીમોરા

નિકુંજ પટેલ, મહેતા ફળિયું, તલિયારા, ગણદેવી

મયુર પટેલ, દેવધા મંદિર ફળિયા, ગણદેવી

જેનિશ, એકતા બાળમંડળ, મન્દ્રેસા, નવસારી

ભરત પટેલ, તળાવ ફળિયું, તડકેશ્વર, વલસાડ

રજનીકાંત ડી. પરમાર, ટાંકી સ્ટ્રીટ, કઠોર

કોંગ્રેસની 'જેન-ઝી અને કિસાન અધિકાર યાત્રા'નું સમાપન

ભાજપ સરકાર સામે વિવિધ મુદ્દાઓ સાથે આક્રમક પ્રહારો

વાપી જી.આઇ.ડી.સી. માંથી નીકળતા પ્રદૂષિત પાણીથી ખેતરોને નુકશાન : કોંગ્રેસ

વલસાડ : વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જેન.જી. અને કિસાન અધિકાર યાત્રા અંતર્ગત 49 ગામોમાં ફરી નાનાપોંઢા તાલુકાની યાત્રાનું બુધવારે સમાપન થયું હતું. ચાર રસ્તા ખાતે બિરસા મુંડાજીની પ્રતિમાને ફૂલહાર કરી યાત્રા મામલતદાર કચેરીએ પહોંચી આવેદનપત્ર અપાયું હતું.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલે પત્રકારોને જણાવ્યું કે, ભાજપના શાસનમાં આદિવાસીઓને વન અધિકાર નથી મળ્યું, યુવાનોને રોજગારી નથી મળી, પરીક્ષાના પેપરો લીક થાય છે, આદિજાતિના દાખલા માટે ત્રણ-ત્રણ પેઢીના દાખલા મંગાઈ છે. સેટેલાઈટ માપણીથી ખેડૂત મુશ્કેલીમાં છે. દારૂ-ડ્રગ્સથી યુવાધન બરબાદ થઈ રહ્યું હોય બંધ કરવાના મુદ્દાઓ ઉઠાવ્યા હતાં. ઉપરાંત વાપી જી.આઈ.ડી.સી. માંથી નીકળતા પ્રદૂષિત પાણીથી ખેતરોને નુકશાનના સમાવેશ થયો હતો. તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલે કપરાડા તાલુકાના મુદ્દાઓ અને યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં યુવાનો કોંગ્રેસમાં જોડાયા હોવાનું જણાવ્યું હતું અને 19 સપ્ટેમ્બરે વલસાડ ખાતે કલેક્ટરને આવેદનપત્ર અપાશે.

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ વસંત પટેલ, કોંગ્રેસ યુવા મહિલા આગેવાન કુંજાલી પટેલ, વાપી, પારડીના કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મેયરના આદેશની પણ ઐસીતૈસી! ૧૦મી તારીખ વીતી, છતાં પગાર નહીં

નવસારી મનપાના ૮૦ આઉટસોર્સ કર્મચારીઓએ કામને માર્યો બ્રેક

નવસારી : નવસારી મહાનગરપાલિકામાં આઉટસોર્સિંગ એજન્સી મારફતે ફરજ બજાવતા કર્મચારીઓના દર મહિનાની ૧૦મી તારીખ સુધીમાં વેતન ચૂકવવાનો સ્પષ્ટ આદેશ હોવા છતાં મુદત વીતી જવા છતાં પગાર ન મળતા આશરે ૮૦ કર્મચારીઓ બપોર બાદ સામૂહિક રજા પર ઉતરી ગયા હતા.

અગાઉ બે માસનો પગાર અટકી જવાના કારણે કર્મચારીઓએ હડતાળ પાડી હતી, ત્યારે મેયરે એજન્સીને દર મહિને ૧૦મી તારીખ સુધીમાં પગાર ચૂકવવા તાકીદ કરી હતી. છતાં ફરીથી એ જ સ્થિતિ સર્જાઈ છે. આગામી તહેવારોના દિવસો નજીક હોવાથી પગાર અટકવાના કારણે ઘરની તમામ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અગાઉની ખાતરીઓ છતાં પરિસ્થિતિમાં સુધારો ન થતાં કર્મચારીઓએ નિયમિત અને નિશ્ચિત તારીખે પગાર મળે તેવી કાયમી વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?

પ્લેન ગોલ્ડ જ્વેલરી મજુરી

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

House of Exclusive Collection

R.A. Parikh Jewellers NX

5.9%* થી શરૂ

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181